૪૮૫૮

ગૌરક્ષકકવિતા.

ગૌરક્ષકને અર્થે.

છપાવિ પ્રસિદ્ધ કરનાર.

પ્રભુદાસ મોતીચંદ વકીલ.

ભાવનગર.

અમદાવાદ.

ખાનફોરને નાકે ધાંચીની વાડીમાં

"એંગ્લોવર્નાક્યુલર પ્રીંટીંગ પ્રેસ"માં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

પ્રસ્તાવના.

ભાવનગર ગૌરક્ષક સભાના ત્રીજા વાર્ષિક મહોત્સવની સભા ભરવાના સ્થળની સગવડતા અર્થે નામદાર ભાવનગરના મહારાજા સાહેબે શેહેરના ગોધાના દરવાજાની બહાર પ્રિન્સ આલબર્ટ વિકટર ચોકમાં સમીયાણો ખડો કરાવી આપવામાં મેહેરબાની વાપરેલી હતી તેમાં સુમારે ૫૦૦૦) માણસોની સંખ્યા એકઠી થઇ હતી તે પ્રસંગે બીરાજેલા ગૃહસ્થોમાં ભાવનગરના વખણાએલા કવિ ભવાનીશંકર વિ. નરોત્તમ દ્વીવેદી અને આત્મારામજી વિ. નારણજી પણ પધારેલા હતા તેઓએ આ પ્રંસગે દેશ હિતાર્થે ગૌરક્ષાના સંબંધમાં રચેલી કવિતાઓ વાંચી સંભળાવી હતી જેનાથી લોકોનાં મન ગૌરક્ષાનું કર્તવ્ય કર્મ દરેક મનુષ્યોએ કરવુંજ જોઇએ એમ ખેંચાયાં હતાં અને સઘળા ગૃહસ્થોને આનંદ પ્રાપ્ત થતો હતો તેમાં ભાવનગરના એક મી૦ પરભુદાસ મોતીચંદ વકીલે પોતાના ખર્ચથી એ કવિતાઓ છપાવી બહાર પાડવાને ઉત્કંઠા બતાવી હતી તેથી સભા તરફથી તેમને ધન્યવાદ આપી એ વાત મંજુર કરવામાં આવી હતી.

આ ચોપડીનું કદ જોતાં વાંચનારાઓને તુરત

વેળા છેક લઘુ માલુમ પડશે પણ તેમાંની જે કવિતાઓ છે તે વાંચ્યાથી તેમનું અતિ મહત્વપણું લાગ્યા વિના રહેશે નહીં. શાથી કે ગાયો જેવા નિરાશ્રિત અવાચક પ્રાણી કે જેનાથી આ સૃષ્ટિના સઘળા મનુષ્યો તાજા માજા થઈ ફરે છે. એવી અસંખ્ય ગાયો વગર અપરાધે હણાય છે. એટલુંજ નહીં પણ જોઇએ તેટલી સંભાળ રાખી એવી ગૌમાતાનું સંરક્ષણ થતું નથી. તેને વાસ્તે સુસંપ જમાવી હણાતી ગાયોનો અટકાવ થાય એવા નિતિ પૂર્વક ઉપાય યોજવા અને જેમ જગતમાં ગોવૃદ્ધિ થાય તેવી કોશીશ કરવી ઈત્યાદિ એ કવિતાથી સદ્‌ગુણી અને જગત હિતેચ્છુ મજકુર કવિ ભવાનીશંકર અને આત્મારામજી બોધ કરે છે.જે વાંચ્યાથી લક્ષપર આવતાં આ ચોપડીનું મહત્વ પણું છે એમ ખાત્રી થશે માટે એ કવિતા રચનાર જગત હિતેચ્છુ મજકુર કવિ ભવાનીશંકર અને આત્મારામજીને ધન્યવાદ આપી તેઓને સદરહુ બાબતમાં ઉત્તેજન આપવા અર્થે સૌ કોઇ ચુકશે નહીં. એવી વિજ્ઞપ્તિ છે.

વાંચનાર ગૃહસ્થો! વાંચીનેજ માત્ર બેસી રહેશો નહીં પણ ઉમેદ છે કે ગૌરક્ષા જેવા ધાર્મીક અને લોક કલ્યાણકારી એ કામ હોઇને તેમાં સૌ કોઈ ગૃહસ્થો આશ્રય આપવાને ખંતીલા થઇ હોંશ

ધરાવશો એવી ઉમેદ છે.

ઉપર કહેલાં સભાના મીલાવડામાં નહીં પણ તે પેહેલાં એક વખત ભરાએલી સભામાં કરદેજના મેહેતાજી હુસન જુસબ ઈમાની એ કવિતા વાંચી સંભળાવી હતી તે આ ચોપડીના છેલા ભાગમાં દાખલ કીધી છે. આ કવિતા રચનાર અજકુર મેહેતાજી મુસલમીન ધર્મના આરબ છે છતાં ગૌરક્ષાની બાબતમાં તેમનું અંતઃકરણ કેટલે દરજ્જે લાગેલું છે તે સદરહુ તેમની રચેલી કવિતાઓ વાંચ્યાથી લક્ષપર આવશે અને તે દાખલો લઈ સૌ કોઇ જાતી ગૌરક્ષાર્થે પોતાના તન, મન, ધનથી મદદ કરવાને નહીં ચુકે એવી ઉમેદથી આ પ્રસ્તાવના બંધ કરવાને રજા માગું છું.

લી. દયાળજી કરશનજી વકીલ.

ભાવનગર ગૌરક્ષક સભાના

મંત્રી.

श्री ४८५८

गौरक्षक कविता.

ભવાનીશંકર વિ. નરોત્તમ દ્વીવેદી કૃત કવિતા.

पद राग जंगलो.

હે પરમેશ્વર પાહિ મુરારે !
દીન ગાયો ત્રાહિ! ત્રાહિ!! પુકારે. હે પર૦
દેઈ ક્ષુધાદિક દુઃખ અતિશય;
શસ્ત્રે કરે વધ યવનો નિર્દય. હે પર૦
તું અશરણનો શરણ સદા છે;
રે વારે ધા! અતિ આપદા છે. હે પર૦
કીધું નથી કોઈનું બૂરૂં લગારે;
વિનાપરાધે પાપી વિદારે. હે પર૦
બૂરૂં કર્યું ગણિયે તો તે છે;
જીવન વસ્તુઓ ગાયો દે છે! હે પર૦
ક્રૂર કૃતઘ્નને ક્યાંથી પરીક્ષા;
શીઘ્ર તું દે શત્રુઓને શિક્ષા. હે પર૦
સેં'જે વ્યાધ ને શ્યેન સંહાર્યાં;
હેતે કરી હોલા હોલી ઉગાર્યાં. હે પર૦
પૂર્ણ. પીડાથી પ્રલ્હાદ બચાવ્યો;

આહુથકી તેં છે ગજને છોડાવ્યો. હે ૫૨૦
સુ-જલ પ્રલયથી ગોકુલ તારી;
રક્ષા કિધિ હતી ગોવર્ધન ધારી. હે ૫૨૦
મુએલીઓ વિષ-હ્રદ જલપાને;
કિધ ગાયો સજીવન ભગવાને. હે ૫૨૦
વત્સ સહિત ગાયોને ચારી;
મુજ-વને દાવાનળથી ઉગારી. હે ૫૨૦
હે દીનબંધો દેવ દયાલો!
ગોપાલક ગો-સંકષ્ટ ટાળો. હે ૫૨૦

गोरक्षार्थ आर्यो प्रति उपदेश.

(लावणी.)

"મુજ ઉપર ગુજરી પિતા પાદશા જાણી." એ રાહ.
ઓ આર્ય બંધુઓ ઉઠો ઉઠો સજ થાઓ!
ગોરક્ષાર્થે સહુ ધાઓ ધાઓ ઝટ ધાઓ!! ટેક.
શું સુસ્ત બન્યા બહુ અસ્ત થયો સુખ દા'ડા;
જીવન સર્વેનું જાય આંખ ઉઘાડો! ઓ આર્ય.
જેથી સુખ ઇહ-પરલોક ભોગવો ભ્રાતા;
તે હાય હણાય સદા અગણિત ગો માતા. ઓ આર્ય.
જો કરે તુંકારો કોઇ કદા જનનીને;
લઇ લાકડી લડવા ધસેજ શૂર બનીને. ઓ આર્ય.
પણ ગોમાતાનાં ગળાં કપાતાં જોઇ;

ધિક્કાર ! ધસે ન ગમાર કાયરો કોઇ. એ આર્ય.
શું ધાણુ વળે એ ઉચિત? પ્રાણ દાતાનો;
દિલ દયા ધરી સુ-બચાવ કરો માતાનો. એ આર્ય.
પાલન પોષણ જ્યમ કરો જન્મ દાતાનું;
ત્યમ કરો પુરી પ્રીતિથીજ ગો માતાનું. એ આર્ય.
જનની ન શકે કરી, કરે ભલું ગો માતા;
ગો-સુત સુખ કરની સમ ન ભલા નિજ ભ્રાતા.એ આર્ય.
સદ્ગુણ ઉપકાર અસંખ્ય સદા સંભારી;
તન મન ધન ખરચો ખચિત બની આભારી.એ આર્ય.
પામે ન જવા ગાયો હિંસકને હાથે;
એવી તજવીજો કરો મળી સહુ સાથે. એ આર્ય.
ભરી તૃણાદિનો છૂટથી અખૂટ ખજાનો;
લો પામી શુભાશિષ, ધર્મ બજાવી પ્રજાનો.એ આર્ય.

ગૌરક્ષા વિષે પદ.

પ્રિય આર્યો ! પાળો ગાયોને પ્રીતિથીરે, પ્રિય. ટેક.
પરમ સર્વ પોષકછે પ્રાણી, ખરેખરા સદ્ગુણની ખાણી;
જરૂર ગાય જાણી સેવો રૂડિ રીતિથીરે. પ્રિય. ૧
કઇક અકલ મંદાએ પાળ્યાં, ખર વાનર ને રોઝ રૂપાળાં;
પાળ્યાં શ્વાન નિહાળ્યાં, લાવી વિત્તથીરે. પ્રિય. ૨
ખરવાનરશ્વાનાદિકથીશું?ગાયઅધિક ગુણવાળીનથીશું?
રે અક્કલ વેચી શું? સમજો ચિત્તથીરે. પ્રિય૦ ૩
કેવત "બામણીયા મત થોડી, ગા વેચીને લીધી ઘોડી"
અક્કલ એવી દોડી, સૌની અવિચારથીરે. પ્રિય૦ ૪

ગાયોને નથી હિંદુજ પ્યારા, મુસલમાન ઉરથી ન અકારા;
સર્વે પ્યારા સારા છે સમ દૃષ્ટિથીરે. પ્રિય૦ ૫
જયમ રાખી સમ દૃષ્ટિ ગાયો, પોષે પયથી તમને ભાઇઓ;
તેમ તમે સદુપાયો, લઇને નીતિથીરે. પ્રિય૦ ૬

પદ.

પાળો પાળો અગણિત ગુણવાળી ગાયનેરે,
દઇ ધન કાયનેરે. પાળો પાળો. ટેક.
સર્વેનું જીવન છે સાચું,
તે વિણ જાણો સર્વે કાચું;
સર્વ કને હું યાચું, કરો સહાયનેરે. પાળો. ૧
જનનિપયે બચપણ સચવાશે,
(પણ) ગોપયથી જીવિત જળવાશે;
પ્રીતે તે પય પાશે, રંકને રાયનેરે. પાળો.
તેથી શું મુખ માગી લેવાશે?
અંતે ખડ નાંખો તો ખાશે;
(નહિં તો) મનમાં મસ મુંઝાશે, વશ નિરૂપાયનેરે. પાળો ૩
પોતે તૃણ પર કાળ ગુજારે,
પર સહુને અમૃત ચોધારે;
પાઇ સુધારી વધારે, ધન મન કાયનેરે. પાળો. ૪
એકે સદ્ગુણમાં ન અધૂરી,
પર ઉપકારિ પણામાં પૂરી;
ભોગ મોક્ષદા, ભૂરિ–સત્ય સુખદાયિનિરે. પાળો. ૫
પરસ્પર ઉપકારક ઉપકાર્ય,

ભાવ ધરો ઓ ભાઇઓ આર્ય !
અઘ-હર્તા-અનિવાર્ય, ગણી પ્રિય ગાયનેરે. પાળો.

ગોસ્તવન.

"છે જન પાલક ટાળક દુ:ખનો" એ રાહ."
જય સુખકારિણી, દુઃખ વિદારિણી,
પર ઉપકારિણી કામદુધા. (જય પર)
ભય--અઘ--હારિણી, ભવ જલ તારિણી,
ધૃતિ ધારિણી સમ--સેવ્ય-સુધા. જય. ટેક.
વેદાદિક સહુ શાસ્ત્ર વિષે,
સર્વે મત--સંમત પૂજ્ય દિસે;
(છે) સુર નર તિર્યક્‌માં તુજ છાપ,
ઇશ્વર પણ પૂજે છે આપ;
એવો તારો પૂર્ણ પ્રતાપ,
તુજ વશ ગગન દિશા વસુધા. જય૦ ૧
તુજ વડિએ શોભે વિશ્વ સહુ,
બિરદાળી તું બળવાળી બહુ;
પણ દેખીતી દીન સમાન,
દયા તણી તું મૂર્તિ નિદાન;
નિજ બળથી સહુને બલવાન,
કરે છે મમતા સહિત મુદા. જય. ૨
તુજ પૌષ્ટિક પય વપુમાં ભમતું,
રહ્યું છેજ રગેરગમાં રમતું;
તાતા માતા તેથિ તમામ,

લાલા બનીી લેતાજ સલામ;
અહિંથી તહિં ફરિયે સહુ આમ,
માજી! તુજ બળથી બહુધા. જય૦ ૩
તુજના અતિ આભારી છઇએ,
શત જન્મે પણ ચુકી કયમ જઇએ;
તેમ છતાં અગણિત ઉપકાર,
ચૂક્યા શઠવર વગર વિચાર;
ક્ષમા કરી લે તું આ વાર,
ક્ષમાવાન સદ્ગુણી ગઉમા! જય૦ ૪
રે! પુત્ર કુપુત્ર કદી થાયે,
માતાથી કુમાતા ન થવાએ;
નિશ્ચય એવો રાખી ન્યાય,
ક્ષુધા તૃષા સહી કષ્ટ શદાય;
અમ પોષણ અર્થે પય પાય,
સમજી સહુને સ્વસુત સુતા. જય૦ ૫
જો અમ અપરાધ ઉરે ધરીને,
દે શાપ કદા ક્રોધ કરીને;
તો અમપર પ્રભુ પણ પ્રતિકૂલ,
થાય અમારૂં કુલ નિર્મૂલ;
જો તુજ રાજી તો અનુકુલ,
અમપર શંકર સહિત ઉમા. જય૦ ૬
કરીએ ઉપકારો સ્મરણ કરી,
તુજ સેવન બનતું સ્નેહ ધરી;

તે શત ગુણ કરીને સ્વીકાર,
દે તું સત્ય શુભાશિષ સાર;
તુજ ઉપકારો માજી અપાર,
ગણી શકે કો બુધ વિબુધા? જય૦ ૭
આ ચમત્કારિ એવી ગાયો,
એના સેવનના સદુપાયો;
સૂચવ અમ સહુને આ ઇશ !
સ્તુતિ કરિએ શિશુ નામી શીશ;
જય કર આર્ય તણા જગદીસ,
દે ગોસેવન શક્તિ સુધા. જય૦ ૮

આત્મારામ વિ. નારણજી કૃત કવિતા.

ગજલ.

ગાય ગરીબ અને ગુણવાળી,
પાળકની પણ પાળક ભાળી; ટેક. ૧
વચ્છ વછોડી દોવા બેસે,
તેને દૂધ સમૂળું દેશે; ગાય૦ ૨
રક્ષકને પય આપે જોતાં,
નહિં રૂધીર ભક્ષકને દેતાં. ગાય૦ ૩
પય આપે રક્ષકને જેવું,
ભક્ષકને પણ આપે તેવું. ગાય૦ ૪
ભિન્ન ભાવ નવ રાખે મનમાં,
વનચરી આવે રક્ષ ભુવનમાં. ગાય૦ ૫

સુખ દુઃખ સહન કરે એ માડી,
તાબેદાર રહે શિર નામી. ગાય૦ ૬
પાય પાણી કે ઘાસ ચરાવે,
અમૃત રસ સમ પય ઉપજાવે. ગાય૦ ૭
અરજ સુણી આ હિરમાં ધારો,
કતલ થતી બધી ગાયો ઉગારો. ગાય૦ ૮

ગજલ.

" અહોહોહો અહાહાહા " એ રાગ.

અરે હાય હાય—દુધાળી ગાય,
જેણો પ્રાણ જાય—કંઠ કપાય. ટેક ૧
સદા સુખ દેણને સારી, દહીં દુધ છાશ દેનારી. અરે
માતાના પણ મોતથી, ગાયથકીજ નભાય;
માફક પય છે માયનું, ગાયનું તેમ ગણાય. અરે૦ ૨
પ્રીત ધરીને પાળવી, ગુણિયલ ગોરી ગાય;
પોષણ આપે પ્રેમથી, સુખકર દિસે સદાય અરે૦ ૩
પુત્ર તેહના પારખો, બળદ નામ દે જોર;
અન્ન વસ્ત્ર પેદા કરે, પોષણ સાંજ બપોર અરે૦ ૪
પુત્ર માત દે સુખ સદા, પણ રક્ષણ નહિં થાય;
દ્રવ્ય દળાશે દેશનું, એક ન થશે ઉપાય. અરે૦ ૫

પદ.

અરે કોઈ છે માઈનો પૂત, (બિચાર)
અહિં કોઇ રાણી જાયો રજપુત, (હાલ કોઇ) ટેક. ૧
ગાય બળદની સહાય કરવા, ઝુંડા કરમાં ઝાલે;

સત્ય લડાઇ લડવા કાજે, સૌથી પેહેલો ચાલે. અરે૦ ૨
મહારાણી પાસે પોતાના, હક માટે જઇ લડવું;
ઉત્પાદકના બચાવ માટે, કદી પાછા નવ પડવું. અરે૦ ૩
સ્વદેશ હિતમાં, દ્રવ્ય ઉડાવે, પાછી ન કરે પાની;
ગાય તણું રક્ષણ કરવાનો, ધર્મ પોતાનો માની. અરે૦ ૪
જશ ડંકો જગમાં વગડાવે, જ્યાં જોઇએ ત્યાં ફાવે;
હોંશ ધરિને હાથ બતાવે, સનમુખ શત્રૂ નાવે. અરે૦ ૫
હાક સુણીને શત્રુદળના, થર થર ટાંગા ધ્રુજે;
પડકારે આંતરડાં તુટે, સુલભરાહ નવ સુજે. અરે૦ ૬
ગાય બિચારી અતિ સુખકારી, નિડર રહીને ચાલે;
કસાઇના કરમાંથી છુટી, મોજ વિષે તે મ્હાલે. અરે૦ ૭
ન્યાય નીતિની લડત લડીને, શત્રુને હંફાવે;
રિપુ દળના હાંજા ગગડાવે, નામથકી કંપાવે. અરે૦ ૮

હસન જુસબ ઇમાની કરદેજંના મેહેતાજી કૃત કવિતા.

હરીગીત છંદ.

દ હિંદની પડતી હવે ચડતી કરો હે દેશીઓ,
સુખ સંપતીનો નાશ છે તો, આળસુ કેમ દેશીઓ;
શા માટ રક્ષણ ગાયનું હોંશે અરે કરવું નહીં,
નહી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૧
સુખ સ્થાન છે ગાયો સદા સંપૂર્ણ આ સંસારમાં,
રતિ માલ ન મળે ફેર નિરાધારના આધારમાં;
તે ગાયના અતિ કષ્ટમાં પગલું કદી ભરવું નહીં,

નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૨
ગુણવાન ગાય ગણાય છે ત્યમ ગુણ અધિક વખણાય છે,
જગમાં જશાળાં કામથી જશ દશ દિશાય જણાય છે,
ધન ધાન્ય પ્રૌઢ પમાય છે તે ગો અહિત કરવું નહીં;
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૩
પરિ પૂર્ણ પાપી પાપ વાંછાથી ફરે છે પ્રપંચમાં,
પરિ પૂર્ણ પામે માન ભોળા, અધિક જનના પંચમાં;
તે પાપીઓના પાપ કર્મો વિષે અનુસરવું નહીં;
નકી હિંદ ગોરક્ષણ થતાં, મરવા થકી ડરવું નહીં. ૪
કુડ કર્મકાર કસાઈઓની કલ્પનાને કાપવી,
છબી સરસ તેના ચિત્ત વિષે ગોરક્ષણાર્થે છાપવી;
ભયકાર ભાજન તેહનું, ભાવે કદી ભરવું નહીં,
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૫
કરવું સદા નિર્મુળ તે પાપી તણા સૌ કાર્યને,
અગણિત આપી બોધચિત ચંચળ કરો સૌ આર્યને;
ઘટતું કરો સૌ કાજ પાપી વચન સંઘરવું નહીં,
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૬
જન હિત વિષે પરિપુર્ણ પ્રૌઢ પણાથી જોમ જણાવવું;
ગુણી જન વિષે નિજ નામ ગુણી જન તુલ્ય પુર્ણ ગણાવવું;
ઠપકા તણા કોઠામમાં ઠીકઠાક થઇ ઠરવું નહીં,
નકી હિંદ ગોરક્ષણ થતાં, મરવા થકી ડરવું નહીં. ૭
સજ થઇ ચંચળ પણ પછી સબળ રિપુ સંહારવો,
વ્યાપે સુજશ જગમાં સદા ત્યમ વિવિધ બોધ વધારવો,

અવળું કદી કો કાજમાં સ્વપ્ના માંય આદરવું નહીં,
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૮
દીન જન તણું દુઃખ દોહલું દુનિયાં વિષે નહીં દાટવું,
ખુબીવંત ખાંતેથી બની ખુબ નામ ગુણીયલ ખાટવું;
ફોકટ કરી ફિશિયારી ફિકરમાં કદી ફરવું નહીં.
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં ૯
ઝુંડો સદા કરમાં ખરે, જયકાર નકી ઝાલવો,
તઠ સાંધતાં રિપુની તરફ ભય તેહ દિલનો ટાળવો;
હિંમત ધરી હોંશે કરી, નિજ દેશ હિત હરવું નહીં,
નકી હિંદ ગોરક્ષણ થતાં મરવા થકી ડરવું નહીં. ૧૦

વસંત તિલકા છંદ.

પૈસા થકી પરમ પુર્ણ પણે પમાતો,
તે હિંદ આજ જગમાંય દિસે હિણાતો;
લક્ષ્મી તણી લહર હીણ થવાથી લાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૧
પંકાય જેહ જગમાં ધનના જથાથી,
કીર્તી કથે જન સમુહ સદા કથાથી;
પામ્યો અરે પરમ પ્રૌઢ પણે પરાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૨
શોભા થકી શિતળતા જનને પમાડે,
મિથ્યા મમત્વ મનના જનના મટાડે;
તે હિંદ આજ બનીયો હિણતેજ તાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૩

સંપુર્ણ સૂખ ચિતમાં ભરતે, જણાતું,
હિંદયું અરે પલકમાં ઘર નષ્ટ થાતું;
ચિંતા વધી હૃદયમાં જનના સમાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૪
જે દેશ લોક વચમાં અતિશે વિરાજ્યો,
જે દેશ સર્વ દુનિયાં સ્થળ માંહ્ય છાજ્યો;
તે દેશ આજ નિસતેજ જણાય કાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૫
હિંદ જનો હુકમ માંહ્ય હતા હજારો,
ધુરાઇમાં નજરના હિસતી બજારો;
ગંભીર નાદ ગરવા ગુણવંત ગાજે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૬
શોભા તણા સરસ દિન બહુ ગુજાર્યા;
આવ્યા હવે અતુલ દિન દિસે નઠારા;
દુઃખે કરી જગતમાં અવનીશ દાઝે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૭
મિથ્યા મમત્વ મનમાં અતિશે ભરાયો,
તે ક્રોધ કાળ તનથી નવરે તજાયો;
ક્યાં છે હવે રસિક રાગ રમો તણા જે,
આવ્યો અરે વિષમ કાળ કરાળ આજે. ૮

સમાપ્ત.